# એલીસબ્રીજ પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેર

ફોન નં. ૦૭૯ – ૨૬૫૭૮૨૦૨

Email ID:- polstn-ellis-ahd@gujarat.gov.in

## PRESS NOTE

### એલીસબ્રીજ પોલીસ સ્ટેશન

**એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૦૩/૨૦૨૦ ઈપીકો કલમ ૪૫૭ , ૩૮૦ , ૫૧૧ , ૧૨૦બી મુજબના ગુનાના કામે ATM ચોરી કરતાં બે આરોપીઓને તત્વરીત પકડી પાડી ATM ચોરીનો મોટો ગુન્હો બનતો અટકાવી તેમજ પુછપરછ દરમ્યાન ગુજ.યુનિવર્સિટી પો.સ્ટે. ની હદમાં આવેલ યુનિયન બેંકના ATM માં પણ ચોરીનો પ્રયત્ન કરેલ હોવાનું કબુલાત કરતાં યુનિવર્સિટી પો.સ્ટેનો ગુનો ડિટેક્ટ કરતી એલીસબ્રીજ પોલીસ**

મે. પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ ડિવીઝન સાહેબ નાઓ **તરફથી અવાર નવાર મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા તેમજ અટકાવવા સારૂ તેમજ પોલીસ કંટ્રોલ રૂમ તરફથી મળતાં મેસેજોને ગંભીરતા લઈ તાત્કાલિક કાર્યવાહી કરવા સારૂ સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમાં અવાર નવાર રોલકોલ માં** **પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એ.એસ.પટેલ સાહેબ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન** નાઓએ ઉપરોક્ત હકીકતથી વાકેફ કરેલ હોય જેઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ એલીસબ્રીજ પો.સ્ટે. **ના વનગાડી તથા મોબાઈલ ગાડી તથા સર્વેલન્સ સ્કોડના માણસો** ગઈ તા. ૧૪/૦૧/૨૦૨૦ ના રોજ ૨૩/૦૦ થી ના.રા. હાજર હતા અને તા. ૧૫/૦૧/૨૦ ના કલાક ૦૨/૨૮ વાગે વનગાડી ને પોલીસ કંટ્રોલ રૂમ તરફથી મેસેજ મળેલ કે, “ કેસ નં. ૬૪૭૫ મો.નં. ૭૬૦૦૦૩૮૩૮૦ કુલદીપસિંહ જણાવે છે કે SBI બેંક પોલીટેકનીક સામે વિક્રમ સારાભાઈ માર્ગ કેતલ પેટ્રોલપંપ ની સામે ATM માં ગેસ કટરથી ચોરી થયેલ છે.” જે ઉપરોક્ત મેસેજ મળતાં મેસેજ આધારે તાત્કાલિક મોબાઈલ ગાડી તથા સર્વેલન્સ સ્કોડના માણૅસોને જાણ કરી વનગાડી તથા મોબાઈલ ગાડી અને સર્વેલન્સ સ્કોડના નાઈટા રાઉન્ડના માણસો **ગણતરીના મિનિટોમાં કલાક ૦૨/૩૪ વાગે ૬ મિનિટમાં જગ્યાએ પહોંચી ATM ચોરી કરતાં બે ઈસમોને રંગે હાથ ત્વરીત પકડી પાડેલ તથા ATM ચોરીનો મોટો ગુન્હો બનતો અટકાવેલ** અને ATM ચોરી માટે લાવેલ ગેસ કટરનો સામાન તથા એક્ટીવા વિગેરે પોલીસ સ્ટેશન ખાતે લાવી ઈન્વે સ્કોડને સોંપતાં SBI પોલીટેકનીક બેંકના મેનેજર શ્રી કુલદીપભાઈ અશોકભાઈ ગર્ગ ઉવ.૪૩ રહે,

બી/૧૦૧ દેવસૃષ્ટી-૧ રીલાયન્સ ફ્રેસની પાસે પ્રકાશ સ્કુલની પાછળ બોડકદેવ અમદાવાદ શહેર નાઓની ઈન્વે. સ્કોડના ઈન્ચાર્જ નાઓએ વિગતવારની ફરીયાદ લખી **ફસ્ટ ગુ.ર.નં. ૦૩/૨૦૨૦ ઈપીકો કલમ ૪૫૭ , ૩૭૯ , ૫૧૧ , ૧૧૪ મુજબ**નો ગુનો રજીસ્ટર કરી આગળની વધુ તપાસ અર્થે કાગળો **સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ. શ્રી આર.બી.વિહોલ** નાઓ તરફ મોકલી આપતાં સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ. આર.બી.વિહોલ તથા સ્ટાફના માણસોએ મે. મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ વિભાગ અમદાવાદ શહેર તથા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એ.એસ.પટેલ સાહેબ નાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ **આરોપીઓ (૧) આલોકસિંઘ @ દેવ અશોકસિંઘ જાતે રાજપુત ઉવ.૨૫ હાલ રહે, બી/૬ પુણ્ય કોટી એપાર્ટમેન્ટ દેવાસ એપાર્ટમેન્ટની બાજુમાં રિલાયન્સ પેટ્રોલપંપની ગલી આંબાવાડી અમદાવાદ શહેર મુળ વતન શ્યામપુર બજાર અંદર ગામ. કેથવલીયા તા.જી. ગોપાલગંજ બિહાર તથા (૨) ઉત્તમભાઈ @ વીર અરવિંદભાઈ જાતે સાવલીયા (પટેલ) ઉવ.૩૨ હાલ રહે, બી/૬ પુણ્ય કોટી એપાર્ટમેન્ટ દેવાસ એપાર્ટમેન્ટની બાજુમાં રિલાયન્સ પેટ્રોલપંપની ગલી આંબાવાડી અમદાવાદ શહેર મુળ વતન કંટોલીયા પરાગામ ગામ. મોવિયા તા. ગોંડલ જી. રાજકોટ નાઓની પુછપરછ કરતાં બંને આરોપીઓને રૂપીયાની ખુબ જ જરૂર હોય અને બંને જણાએ પોતાની કિડની વેચવા સારૂ ફેસબુક ઉપર પોસ્ટ મુકેલ જે થકી બંનેની મોબાઈલ ફોન ઉપર ઓળખાણ થયેલ અને મિત્રતા બંધાયેલ હતી. અને બંને જણા ફોન ઉપર અઢી થી ત્રણ માસ થી સતત સંપર્ક માં હતાં. અને ફોન ઉપર એટીએમ ચોરી કરવાનું નક્કી કરી એટીએમ ચોરી કરવાની રીતો યુ ટ્યુબ ચેનલ મારફતે જાણેલ અને ગેસ કટર વડે એટીએમ ચોરી કરવાનું નક્કી કરતાં આલોકસિંઘ @ દેવ નાએ અમદાવાદ ખાતેથી અલગ અલગ જગ્યાએથી ઓક્સીઝન તથા ગેસના બાટલા અને બીજી સાધન સામ્રગી લાવી ગેસ કટર બનાવેલ હતો. ત્યારબાદ આલોકસિંગઘ @ દેવ નાએ ઉત્તમભાઈ @ વીર સાવલીયા (પટેલ) ને બોલાવતાં તે ઈલાહબાદ હોય જે ગઈ તા. ૦૬/૦૧/૨૦૨૦ ના રોજ કાલુપુર રેલવે સ્ટેશન આવતાં બંને હાલના આંબાવાડીના સરનામે રોકાયેલા ઘરે બેસી પોલીટેકનીક એસ.બી.આઈ. બેંકના ATM ચોરી કરવાનું નક્કી કરેલ અને** બંને જણાએ ફ્લેટમાં રહેતાં અન્ય રૂમ પાર્ટનર ના હેલ્મેટ તથા તેમનો થેલો તેમજ એક્ટીવા લઈ એટીએમ ખાતે ચોરી કરવા આવેલા હોવાનું જણાવતાં પો.સ.ઈ. આર.બી.વિહોલ નાઓએ આરોપીઓ પાસેથી મળી આવેલ ગેસ કટરનો સામાન તથા અન્ય મુદ્દામાલ પંચનામા વિગતે કબ્જે કરી **આરોપીઓને ગુનાના કામે તા. ૧૫/૦૧/૨૦૨૦ ના કલાક ૧૨/૩૦ વાગે અટક કરી વધુ તપાસના કામે નામદાર કોર્ટમાંથી આરોપીઓના તા. ૧૮/૦૧/૨૦૨૦ ના કલાક ૧૭/૦૦ વાગ્યા સુધીના પોલીસ કસ્ટડી રિમાન્ડ પર મેળવી ઘનિષ્ટ પુછપરછ કરતાં આરોપી નં-૧ આલોકસિંઘ @ દેવ સન/ઓફ અશોકસિંઘ જાતે**

**રાજપુત ઉ.વ.૨૫ રહે, ઉપર મુજબ નાએ ગઈ તા. ૨૫/૧૨/૨૦૧૯ ના રાતના એક થી દોઢ વાગ્યાની આસપાસ ગુજ. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનની હદમાં આવેલ યુનિયન બેંકના ATM માં ચોરીનો પ્રયત્ન કરેલ જે ગુન્હાની કબુલાત કરતો હોય ગુજ. યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે જાણ કરવા તજવીજ કરવામાં આવેલ છે. તા. ૧૬/૦૧/૨૦૨૦**

